# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-07-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## રાજ્ય-વરસાદ-મુખ્યમંત્રી/નાયબ મુખ્યમંત્રી:

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ ગઈકાલે ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના બોપલ પહોંચી સ્થિતિનું નિરીક્ષણ કર્યું. તેમણે રાહત અને બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા તેમજ જરૂરી માનવબળ, સાધનો અને વ્યવસ્થાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સૂચનાઓ પણ આપી.

દરમિયાન, વલસાડની મુલાકાતે પહોંચેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારમાં કેશ ડોલની સહાય માટે સર્વે શરૂ કરાશે. તેમણે નુકસાનીના દાવા વહેલી તકે મંજૂર થાય તે માટે વીમા કંપનીઓને માનવતાના ધોરણે ટીમો વધારી ઝડપથી સર્વે પૂર્ણ કરવા તાકીદ પણ કરી.

---

## રાજ્ય-ડીજીપી-સમીક્ષા-SEOC :

રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ગઈકાલે ગાંધીનગર ખાતેથી રાહત-બચાવ કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી. તેમણે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજી તમામ પોલીસ કમિશનરો, રેન્જ IG અને SPને સતર્ક રહેવા સૂચના પણ આપી. શ્રી મલિકે જણાવ્યું હતું કે નાગરિકોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને પોલીસ તથા વહીવટી તંત્ર એક ટીમ બનીને અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામગીરી કરી રહ્યા છે.

---

## રાજ્ય-હવામાન:

રાજ્યના વિવિધ જિલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

---

## કચ્છ-વરસાદ:

રાજ્યમાં સક્રિય એવી વરસાદી સિસ્ટમની અસર રૂપે સમગ્ર રાજ્ય બાદ હવે કચ્છ જીલ્લામાં પણ ચોમાસુ રંગ જમાવી રહ્યુ છે. ગઈકાલે છવાયેલા ભારે મેઘાડંબર વચ્ચે મેઘરાજાએ સમગ્ર કચ્છ જીલ્લા પર હેત વરસાવ્યુ હતું. હવામાન વિભાગે હજુ વધુ ત્રણ દિવસ જીલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

દરમ્યાન જીલ્લા કંન્ટ્રોલરૂમ ભુજ પાસેથી આજે સવારે ફોન ઉપર પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે રાત્રે સમગ્ર કચ્છ જીલ્લામાં મેઘ મહેર થઈ હતી. ગઈકાલે રાત્રે 8 વાગ્યાથી આજે સવારના 6 વાગ્યા સુધી સૌથી વધુ વરસાદ નખત્રાણા તાલુકામાં 68 મિલીમીટર નોંધાયો હતો. તો ભુજ તાલુકામાં 48,માંડવીમાં 43, મુંદરામાં 31, અંજારમાં 23, ગાંધીધામમાં 27, અબડાસામાં 28, ભચાઉમાં 17, રાપરમાં 21 જયારે લખપત તાલુકામાં 49 મિલિમીટર વરસાદ નોંધાયો હતો.આ વરસાદ થી ખેડુતોમાં આનંદની લાગણી ફેલાઈ છે, અને મગફળી સહિતના પાકોને આ વરસાદથી ફાયદો થશે.

ભારે વરસાદ દરમિયાન કોઈપણ પ્રકારની ઇમરજન્સી અથવા મદદની જરૂરિયાત ઊભી થાય તો પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઇમરજન્સી સેવા નંબર ૧૧૨ પર તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયુ છે.

---

## કચ્છ-ટ્રેન સેવા:

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિને કારણે કચ્છ જીલ્લાની ટ્રેન સેવા પ્રભાવિત થઈ છે. અમદાવાદ વિરમગામ રેલ માર્ગ પર આવેલા સ્ટેશનો વચ્ચે જળ ભરાવની પરિસ્થિતિને કારણે આજની ભુજ-અમદાવાદ નમો રેપિડ ટ્રેન રદ કરવામાં આવી.પ્રવાસીઓને અપીલ કરવામાં આવે છે કે પોતાની ટ્રેનની અધ્યતન માહિતી મેળવી લે.

---

## દેવશયની એકાદશી:

અષાઢ માસની શુક્લ પક્ષની એકાદશીને દેવશયની એકાદશી તરીકે જાણીતી છે. પૌરાણિક માન્યતા અનુસાર આજે એકાદશીથી ભગવાન વિષ્ણુ ચાર માસ સુધી યોગ નિદ્રામાં શયન કરે છે. આજથી ચાતુર્માસનો આરંભ થાય છે. ચાર માસ દરમ્યાન માંગલિક કાર્યો થઇ શકતા નથી, પરંતુ જપ, તપ, આરાધના અને ધાર્મિક કાર્યો કરવામાં આવે છે.

---

## પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ રવિવારે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 136મી કડી હશે.

---

## જીપીએસસી પરીક્ષા:

ભારે વરસાદને કારણે રવિવારે યોજાનાર ગુજરાત જાહેર સેવા આયોગની જુદી જુદી 34 ભરતીની સામાન્ય અભ્યાસની પ્રાથમિક પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ પ્રાથમિક કસોટી રાજ્યમાં થયેલા ભારે વરસાદને કારણે મળેલી ઉમેદવારોની રજૂઆત અને ધ્યાને લઈ આપતા આ નિર્ણય લેવામાં આવે છે. આ પરિક્ષાની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

---

## ક્રિકેટ- ભારત ઝિમ્બાબ્વે:

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેની બીજી ટી-20 મેચ આજે  હરારે ખાતે રમાશે. મેચ ભારતીય સમય  મુજબ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે.  ભારતે પ્રથમ ટી-20 મેચમાં ઝિમ્બાબ્વેને સાત વિકેટે હરાવી  ત્રણ મેચની શ્રેણીમાં એકમેચ થી આગળ છે.

---